# વિશ્વમાનવ


## જીતેશ દોંગા



મુખ્ય પ્રાપ્તિસ્થાન

**બુક શેલ્ફ**

૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, નવરાગપુરા, અમદાવાદ-૯
ફોન નં. (૦૭૯) ૨૬૫૬૩૭૦૭, ૨૬૪૪૧૮૨૬
મો. ૯૦૩૩૦૮૯૦૩૬, ૯૦૯૯૦૦૦૩૬૨
Web : www.gujaratibookshelf.com
E-mail : bookshelfa@gmail.com

**નવભારત સાહિત્ય માદિર**

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

VISHWAMANAV
by Jitesh Donga
Book Shelf, Ahmedabad

© જીતેશ દોંગા

પહેલી આવૃત્તિ : **૨૦૧૫**
બીજી આવૃત્તિ : **૨૦૧૬**
ત્રીજી આવૃત્તિ : **૨૦૧૭**

કિંમત : ??.૦૦

**પ્રકાશક**
હિરેન ભોગીલાલ શાહ
**બુક શેલ્ફ**
૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯
ફોન નં. (૦૭૯) ૨૬૫૬૩૭૦૭, ૨૬૪૪૧૮૨૬
મો. ૯૦૩૩૦૮૯૦૩૬, ૯૦૯૯૦૦૦૩૬૨
Web : www.gujaratibookshelf.com
E-mail : bookshelfa@gmail.com

**ટાઈપ સેટિંગ**
**સ્ટાઈલસ ગ્રાફિક્સ**
અમદાવાદ

**કવર ડિઝાઈન**
**દૃષ્ટિ શાહ**

**મુદ્રક**
**યુનિક ઑફસેટ**
અમદાવાદ

# અર્પણ

મારાં સાક્ષાત્ પરમાત્મા એવાં મારાં
માતા-પિતાને અર્પણ...

*આવી હજાર નવલકથાઓ અર્પણ કરું તો પણ તમારું ઋણ અદા નહીં કરી શકું.*
*તમારું બાળ છું, બાળ જ રહીશ.*

# સલામ... આપણી સફરને...

વિશ્વમાનવ...વિશ્વમાનવ...વિશ્વમાનવ.

શું કહું દોસ્ત ? આ ઉપરના ત્રણ શબ્દોને લખીને જ આંખો ભરાઈ આવે છે. આ 'વિશ્વમાનવ' શબ્દ સાથે ઘણુંબધું અસ્તિત્વ યાદ આવી જાય છે. આ નવલકથા લખતો હતો એ દિવસો આંખ સામે ભાગી રહ્યા છે, અને એની અનુભૂતિ અત્યારે લખતા-લખતા રૂંવાડાં ઊભાં કરી દે છે. આ પુસ્તકનું બીજું પ્રકરણ લખતા-લખતા કેવું પાગલપન ચડેલું ! પાત્રની દુનિયા મારી દુનિયા બની ગયેલી. હસ્યા કરતો. રડ્યા કરતો. મને સ્થળ-કાળનું ભાન ન રહેતું અને દિમાગમાં એ એક પાત્ર જ ઘૂમ્યા કરતું. ઘણી રાત્રે ઊંઘ ન આવતી. એ વેદના...એ પીડા...મને આંખો આપી ગઈ. જીવન ઘણુંબધું બદલાયું. જગતને નિહાળવાની દૃષ્ટિ બદલાઈ.

એ છાતીની આગ હતી. હું આ નવલકથા લખવામાં એટલો મશગૂલ થઈ ગયેલો કે વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં જ્યારે આ નવલકથા લખવાની સફર તેના અંત તરફ હતી ત્યારે મેં બાર જેટલી અલગ-અલગ નોકરીઓ કરેલી. બે નોકરીમાંથી સામેથી જ માલિકે ફાયર કરી દીધેલો કારણ કે મારું મગજ ક્યાંક બીજી દુનિયામાં જ રહેતું. આખો દિવસ એક ધૂન રહેતી કે મારે આ નવલકથામાં શું લખવું, શું ન લખવું. ખિસ્સામાં રાખેલી એક નાનકડી ડાયરીમાં વિચારો લખ્યા કરતો કે આજે મારાં પાત્રો શું કરવાનાં છે. જ્યારે તમારું સમગ્ર અસ્તિત્વ કોઈ કામ માટે ધગધગતું હોય ત્યારે બીજું બધું ગૌણ બની જાય છે. શું ફર્ક પડે છે જગત શું વિચારે છે ? મારે તો આ વાર્તા લખીને બાંગ પુકારવી હતી કોઈના હૈયામાં.

ખેર...આ લખું છું ત્યારે વિશ્વમાનવની અવિરત સફરને ત્રણ વર્ષ થઈ ગયાં છે. ઘણુંબધું બદલાઈ ગયું છે. આ એક પુસ્તકે ઘણુંબધું બદલી નાખ્યું છે. શબ્દો ખૂટે છે અને જિવાઈ ગયેલું જીવન અત્યારે વધુ પડતું બોલી રહ્યું છે. તેને ચુપ કરવામાં જ ભલાઈ છે.

હું અહીં મારી આખી સફર કહેતો નથી, કારણ કે મને ડર છે કે આ વાતો કરીને હું તમને આખી નવલકથા વાચવા માટે 'પટાવી' લઈશ, મનાવી લઈશ. એ ખોટું છે. આશા છે કે તમે આ શબ્દોને વાર્તાથી અલગ જોશો. આ વાર્તા ગમે તો જ આગળ વધવું. જો ન ગમે તો આ પુસ્તકને ફાડીને કચરા ભેગું કરી દેજો, કારણ કે

જગતને સારી વાર્તાઓની જરૂર છે. જે તમારા આપેલા સમયને સાર્થક ન કરી શકતું હોય તેને લાંબું જિવાડવા કરતા કચરા ભેગું કરવું જ બહેતર છે.

છેલ્લી વાત : વિશ્વમાનવ થકી જે માણસો મને મળ્યા છે, જે વાચકો આજે જીગરી દોસ્ત બન્યા છે, જે અજાણ્યા લોકો તરફથી વર્ષો જૂનો હોય એવો પ્રેમ મળ્યો છે તેનો આભાર હું કેમ માનું એ ખબર નથી. આપ બધા મારા જીવનમાં આવ્યા એનો અખંડ આનંદ છે. આપ મને છોડીને ક્યારેય જતા નહીં એવી આજીજી પણ છે વહાલા. તમે છો તો હું છું, ખાલી 'હું' હોય ત્યાં કશું જ નથી હોતું.

– આપનો **જીતેશ દોંગા**

*વર્ષ : જૂન, ૨૦૧૭. ત્રીજી આવૃત્તિ સમયે.*

# પ્રસ્તાવના

હું આ દુનિયામાં જન્મીને સડતા-ગંધાતા માણસોને જોઈ રહ્યો છું. એમના જીવન માત્ર અમુક સારી બનેલી ઘટનાઓની યાદોનો ઉકરડો બનીને રહી જતા હોય એવું મને લાગે છે. આ લોકો ચંદ્રકાંત બક્ષી કહે છે તેમ દિલ ફાડીને જીવી શકતા નથી. પોતાના જીવનનો મોટો ભાગ જ્યારે આપણે કામ કરવામાં વિતાવીએ છીએ ત્યારે આ બધી ફ્લૉપ જિંદગીઓ તેઓ જે કામ કરે છે તેને ધિક્કારવામાં અને બળતરા કરી-કરીને દિવસ પસાર કરવામાં મશગૂલ રહે છે. તેઓ આવા બોગસ કામની પાછળ બગાડેલા કલાકો અને દિવસોની સાર્થકતા દર મહિનાને અંતે મળતા પગારની નોટોમાં જુએ છે. આ બધા માણસો પરિસ્થિતિનો સ્વીકાર કરી લેતા ટોળામાં ભરાઈ રહેલાં ઘેટાંઓ છે. જ્યારે તેમની કહાની પૂછો તો તે પાંચ વાક્યોમાં ખતમ થઈ જાય છે. તેમને જ્યારે તેઓ ખુદ અજાણ છે એવી ફલોપ-લાઇફનું કારણ પૂછો ત્યારે છાતી ફુલાવીને કહે છે કે "સમાજમાં રહેવું હોય તો આવું બધું કરવું પડે...સમાજની નજરોમાં નીચે પડી જઈએ...તમે બધા મોટા થશો એટલે ઠેકાણે આવી જશો."

એક યુવાન માટે આવા જવાબો સામે ગળામાંથી એક જ અવાજ નીકળવો જોઈએ : થૂં..... !

આ લોકો એ  નથી સમજતા કે જે સમાજની નજરોમાં સારા દેખાવાની અને સૌને ખુશ રાખવાની તેઓ કોશિશ કરી રહ્યા છે તે સમાજ આંધળો છે અને બહેરો પણ. કારણ કે એ આખો સમાજ તમારા જેવા બોગસ – બહેરાથી જ તો બન્યો છે ! તે માત્ર તમને સૂંઘે છે અને તમારી સફળતાની સુગંધ પારખીને બળતરા અને તમારી નિષ્ફળતાની વાસથી ખીલખીલાટ કરવા ટેવાયેલો છે. હું જ્યાં-જ્યાં નજર કરું છું ત્યાં આવા ડરપોક મળે છે. બધા નથી હોતા પણ મેજોરીટી એમની જ છે. આ બધા જ તો વળી અડધા સળગેલા લાકડાની જેમ ધુમાડિયા બનીને સમાજનો માનસિક વિકાસ અટકાવી બેસે છે. આ લોકોની વાસી જિંદગી જ તેમને માટે તેમનું ખુદનું સર્જેલું સત્ય છે. એટલે આ બધા આવનારી પેઢીઓને – જનરેશનને એ માર્ગે દોરતા જાય છે. આ ગંધાતી પબ્લિક શૉપિંગ કરવા જતા હોય તેમ છોકરી જોવા જાય છે, લગ્ન પછી કૃત્રિમ પ્રેમ જગાડે છે, પરણીને સ્થિર થાય છે, સંતાનોમાં છોકરો થાય ત્યારે પ્રોડક્શન અટકાવે છે, થોડાં સારાં કામ થાય તો ઠીક બાકી "કમાવામાં" જ બધું જાય છે. આ બધું જ જોઈને મારું હૃદય દુભાય છે.

સનાતન સત્ય કંઈક બીજું હશે પણ આ મારું સત્ય નથી જ. આ માણસોને હું ધિક્કારતો નથી, પણ પ્રેમ તો નથી જ કરતો. તેમના મગજ તેમને ન ગમતા યંત્ર-વત કામો કરવામાં કાલ્પનિક રીતે સુખી થઈ રહ્યા છે. તેમના માટે સુખ એટલે સાંજે થાકીને ઘરે આવ્યા પછી જમીને સૂઈ જવું અને રજાના દિવસોની રાહ જોવી. રજા મળ્યે કમાયેલા રૂપિયા ઉડાડીને બનતી મોજ કરી લેવી. પ્રેમ-પેશન-પરિવર્તન કશું જ નહીં ! તમે વળી એક્સક્યુઝ આપો છો કે અમે કુટુંબને નિભાવ્યું છે ! એ તો જનાબ જંગલનું કૂતરું પણ કરે છે. હા... તમે કર્યું તે રીતે કંઈ ખોટું નથી પરંતુ જે અંદરની – ખુદની નાગાઈ છે તેને તો તમે લાઈફ-ટાઈમ છુપાવી જ છે. પોતાને ગમતું કામ કરવામાં ક્યારેક નિષ્ફળ થઈને ક્યારેક રસ્તે રઝળવું પડે તો સમાજમાં નાક કપાવાનું નુકસાન દેખાય છે. ક્યારેક અલગ રસ્તો અનુસરીને ભાગ્યમાં ભૂખ્યા રહેવાનું આવે તો જિંદગીની ખુવારી દેખાય છે.

મારે એવી માનવજાત જોવી છે કે – જે સરહદો તોડીને પ્રેમ કરે, જે રિવાજો તોડીને આગળ વધે, જે સંઘર્ષ-સાહસને ચાહે અને છાતી ઠોકી ને કહે કે "હું મારું ગમતું કામ કરીને પરિવારને ખવરાવું છું. હારું છું, પડું છું, પણ મારા આદર્શોને લાકડી બનાવીને જ વારંવાર ઊભો થાવ છું." એવા માણસો કે જે પોતાના છેલ્લા શ્વાસ લેતી વખતે જ્યારે પોતાની મસળીને જીવેલી જિંદગીને યાદ કરે ત્યારે અફસોસ ના કરવા જોઈએ. જેમને પોતાના જીવેલા સુખ કરતા ઘસારાનો – દુઃખનો વધુ રોમાંચ હોવો જોઈએ. જેને પોતાની છેલ્લી વિતાવેલી મિનિટનો પણ સારા ઉપયોગનો હિસાબ હોવો જોઈએ. જેઓ ખુશ હોય ગમે તે ભોગે ! ફરી કહું છું – ગમે તે ભોગે.

હું જોઉં છું આવું જીવતા મહાન લોકોને, પરંતુ તેઓ મારી આંગળીના કાપાઓની અંદર ગણાય જાય છે. આવું જીવી ગયેલા પણ ઘણા છે પણ મારે આખો જમાનો જોવો છે ! મને દિવસે દેખાતો સમાજ અને રાત્રે સપનાંમાં દેખાતો સમાજ અલગ છે. મારે પેલાં સપનાંઓમાં જીવવું છે. હું જીવીને દેખાડીશ. મારા પાત્રો એવું જીવીને દેખાડશે. મારા પાત્રો કોઈ ફ્લૉપ-બોગસ માણસો નથી પણ રિવાજો તોડીને આગળ આવેલા, ઘણા ભૂંસાઈ ગયેલા મારા સપનાંના કિરદાર છે. હું કદાચ એવું કરવામાં ફ્લૉપ થઈશ તો પણ ખુશ હોઈશ, કારણ કે હું નિષ્ફળતાના પણ ઉત્સવ મનાવી જાણું છું.

હું ત્રેવીસ વર્ષનો એક બળવાખોર લેખક છું. હજુ જેને માટે પોતાના સપનાંમાં દેખાતો સમાજ રચવાનું બાકી છે. મારું સ્વપ્ન ગાંડું છે એ મને ખબર છે...પણ તોયે એ તમને કહી શકું એટલી હિંમત છે ખરી ! મારી આ કહાની આપણા આવા સમાજનું પ્રતિબિંબ છે. હા. હું આ પાત્રોનું પ્રતિબિંબ છું. મારા લખેલા આ બધા જ શબ્દોએ

અત્યારના સમયનું પ્રતિબિંબ છે. મેં લખેલી ગાળો પણ અત્યારે બોલાતી ગાળો છે. મને આ બધું મારા રીડર દોસ્તને વંચાવીને કોઈ માનસિક નુકસાન કરતો હોઉં એવું લાગતું નથી. મેં મારો લેખક ધર્મ નિભાવ્યો છે. વાચક પોતે પોતાનો ધર્મ નિભાવે તેની અપેક્ષા રાખું છું. જો આ વાર્તામાં બધું યોગ્ય લાગે તો રાખજો, નહીં તો યુવાન લોહીની નાદાનિયતમાં ખપાવી દેજો. જો યોગ્ય ના લાગે તો મારી આ બુક શાંતિથી મૂકી દેવી, યા તો બાળી નાખવી, યા તો ટીશ્યુ પેપરની જેમ વાપરી લેવી. છેવટે વાચકનો ધર્મ એક જ છે : પૈસા વસૂલ કરવા.

લી. **જીતેશ દોંગા**

*વર્ષ : ૨૦૧૫. પહેલી આવૃત્તિ સમયે*

**પોસ્ટ-સ્ક્રીપ્ટ :** આ નવલકથા ચાર સત્ય ઘટનાઓથી પ્રેરાઈને મેં કલ્પના કરેલું ફિક્શન છે. મેં વાર્તાને અંતે એ ચાર ઘટનાઓને ટૂંકમાં કહેલી છે. પૂરી વાર્તા વાંચ્યા પછી જ તે ઘટનાઓ વાંચવા વિનંતી છે, નહીં તો એ ઘટનાઓ વાંચ્યા પછી ‘વાર્તામાં આગળ શું થશે ?’ એ તત્ત્વ જતું રહેશે.

દુનિયાની સૌથી મોટી અદાલત અંત : આત્માની અદાલત છે

— *લે મિઝરેબલ*

# 1

सिर्फ हंगामा खडा करना मेरा मकसद नहीं,
सारी कोशिश है कि ये सूरत बदलनी चाहिए

मेरे सीने में नहीं तो तेरे सीने में सही
हो कहीं भी आग, लेकिन आग जलनी चाहिए ।

— दुष्यन्त कुमार

# લેખક પરિચય :



માણસનો પૂરો પ્રામાણિક પરિચય તો હજારો સારાં-નબળાં સત્યોથી ઘવાઈ જાય ! હું અહીં પ્રયત્ન કરું છું કે સત્ય લખું :

હું જીતેશ દોંગા. પિતા – કાળુભાઈ દોંગા. મા – હંસાબહેન દોંગા. (આ મારી જનેતાનું નામ એટલે લખ્યું કારણ કે એનું ધાવણ ધાવીને જ મારાં સપનાંઓ જોવાની તાકાત આવી છે.) અમરેલીના સરંભડા ગામના ખેડૂત પરિવારમાં જન્મ. ૨૩-૦૮-૧૯૯૧.

૨૦૧૭ સુધી આ વિશ્વની સફર કંઈક આવી રહી : બાળપણ મારા ગામમાં અને ખેતરમાં જિવાયું. દસમા ધોરણ સુધી ગામની શાળામાં ભણીને મેં સાયન્સ રાજકોટમાં પૂરું કર્યું. મારું ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ ચાંગામાં કર્યું. કૉલેજમાં ખબર પડી કે કુદરત મારી પાસે વાર્તાઓ સર્જાવવા માગે છે એટલે કૉલેજ પછીના ત્રણ વર્ષમાં અલગ-અલગ કેટલીયે નોકરીઓ કર્યા પછી લેખક તરીકે જ જીવવાનું પસંદ કર્યું.

આ સફર હજુ ચાલુ છે. આ ધરતી પરનો સમય નિચોવીને જીવવા મથી રહ્યો છું. બની શકે કે તમે આ પરિચય વાચો છો ત્યારે આ મુસાફર હોય, ન હોય, પરંતુ

જો હું જીવતો હોઈશ તો મારા પૂરા ઝનૂનથી ક્યાંક આ ધરતીના ખોળે જીવતો જ હોઈશ અને જો સફર પૂરી થઈ ગઈ હશે તો મારી કબર પર લખાઈ ગયું હશે કે 'આ માણસ પોતાના ઝનૂનથી જીવ્યો હતો.'

લખવું, વાચવું, રખડવું મારું જીવન છે. મ્યુઝિક અને ફિલ્મો મારા મનગમતા રસ છે. સ્પેસ-સાયન્સ પણ મને ખૂબ ગમે છે, પરંતુ સૌથી વધુ મજા આવે છે જાતને-જગતને અને જીવનને સમજવાની અને પ્રેમ કરવાની.

મારું સપનું છે કે એક દિવસ દરેક લાઈબ્રેરી કે બુકસ્ટોરમાં 'જીતેશ દોંગા બુક્સ' નામનું સેક્શન હોય જ્યાં દરેક ગુજરાતી માણસ દોડીને જતો હોય. આખા જીવનમાં અમુક નવલકથાઓ જ લખવી છે, પણ વાચકના સમય અને રૂપિયા વસૂલ થાય તેવી ! આશા છે કે આ પુસ્તકમાં વસૂલ થયા હોય. મારાં પુસ્તકો કેવાં લાગ્યાં, અને શું ગમ્યું – શું ન ગમ્યું એ મને જરૂરથી કહેજો. મારા વાચકોની તાળીઓ હોય કે તમાચાઓ મને વહાલા જ રહેશે. જરૂરી છે.

ખેર... જાતના વખાણ તો ઘણા હોય. મર્યાદાઓ તેનાથી પણ વધુ હોય. મારું કામ બોલ્યા કરે એવી આશા સાથે...

આપનો... **જીતેશ દોંગા**

મેઇલ : jiteshdonga91@gmail.com

વેબસાઇટ : jiteshdonga.com

બ્લોગ : jkdonga.wrodpress.com

# “નોર્થપોલ” નવલકથા વિષે




નોર્થપોલ નવલકથા લેખક જીતેશ દોંગાની બીજી નવલકથા છે. આ વાર્તા એક એવા પાત્રની જીવની છે જેને પોતાનું ગમતું કામ ખબર નથી અને જે કંઈ પણ કરે છે એ કામ ગમતું નથી.

ગોપાલ એક સામાન્ય ખેડૂત પરિવારમાં મોટો થયેલો એક એન્જિનિયરિંગમાં ભણતો યુવાન છે. તેને કશુંક બનવું છે. શું બનવું એ ખબર નથી. દિલમાં એક આગ છે, પણ જીવનમાં કોઈ દિશા નથી. તેને ‘મારું ગમતું કામ શું છે?’ એ સવાલ પાછળ એવી તે ધૂન ચડે છે કે જે થાય છે એ છે આ નવલકથા.

આ વાર્તા ગોપાલની સફર છે. દરેક સામાન્ય માણસની આત્મખોજની આ વાર્તા છે. સૌથી વધુ મહત્ત્વનું છે કે આ વાર્તા સમજાવે છે કે આ જગતને કેવા સવાલ પૂછવા.

પ્રચંડ લોકચાહના પામેલી આ અફલાતુન નવલકથા એકવાર જરૂરથી વાંચજો. મજા પડશે.

• • •